# ગાંધીનગર (દ)માં ભાજપનો દબદબો : ચારમાં કશ્મકશ

## ગાંધીનગર (ઉ), કલોલ, માણસા અને દહેગામ બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ : બંને પક્ષોમાં અસંતુષ્ટોનો ભય : નોટાના વિકલ્પની ભારે આશંકા : પાટીદાર આંદોલન અને વિકાસના પ્રશ્નોની વ્યાપક ચર્ચા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પૈકી ૪ બેઠકો પર કશ્મકશ અને એક બેઠક પર ભાજપ અગ્રેસર હોવાની રાજકીય ચર્ચાઓએ જિલ્લામાં રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ પહોંચી છે. રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચાઓ મુજબ ગાંધીનગર (ઉ), માણસા, કલોલ અને દહેગામ બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે કશ્મકશ જંગ ચાલી રહ્યો છે. બન્ને પક્ષના કાર્યકરો એડીચોટીનુ જોર લગાવી તેમના ઉમેદવારોને વિજયી બનાવવા માટે કમર કસી છે. આ ચારેય બેઠકો પર ઉમેદવારોના વિજયની સરસાઈ નજીવી હશે તેવા અનુમાનો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યા છે.

### ● ગાંધીનગર (દ)

ગાંધીનગર (દ) બેઠક પર ભાજપ અગ્રેસર હોવાનુ રાજકીય વર્તુળો માની રહ્યા છે. આ બેઠક પર ભાજપે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર પુનઃ મેદાનમાં ઉતર્યા છે. તેમને આ વખતે પણ શહેરી વિસ્તાર





ચાંડખેડા, મોટેરા વિજયની સરસાઈ નક્કી કરી આપશે તે વાતના સ્પષ્ટ સંકેતો રાજકીય વર્તુળઓમાંથી મળી રહ્યા છે.

બીજી તરફ આ જ બેઠક પર કોંગ્રેસના યુવા ઉમેદવાર ગોવિંદજી સોલંકીની છેલ્લી ક્ષણોમાં થયેલી પસંદગીએ રાજકીય કૌતુક ઉભુ કર્યુ હતુ. ગોવિંદજી સોલંકી ઠાકોર સેનાના અગ્રણી હોવાથી ઠાકોર સમાજના આગેવાનોએ મત મેળવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. ગોવિંદજી પહેલીવાર જ વિધાનસભાનો ચૂંટણી જંગ લડી રહ્યા છે. આ બેઠક પર તેઓ નવા જરૂર પડે છે પણ ઠાકોર સેનાના સંગઠ્ઠન થકી વિધાનસભાના ઉપાધ્યક્ષને બરાબરીની ટક્કર આપી રહ્યા છે. જો કે શહેરી વિસ્તારો ચાંદખેડા-મોટેરામાં તેઓ કેટલો પ્રભાવ ઉભો કરી શકશે તે પ્રશ્નાર્થ છે.

### ● માણસા

જિલ્લાની માણસા બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. કલોલ તાલુકાના ૧૭ ગામો માણસા વિધાનસભા મત વિસ્તારમાં આવે છે.





આ બેઠક પર કોંગ્રેસના ઘડાયેલા ઉમેદવાર સુરેશ પટેલ અને ભાજપ તરફથી પૂર્વ ધારાસભ્ય અમીત ચૌધરી મેદાનમાં છે. આ બન્ને મહારથીઓ પોત પોતાની આગવી ઓળખ સાથે મતદારો પર પક્કડ ધરાવી રહ્યા છે. અહિ ઠાકોર મતદારો ઉપરાંત પટેલ, ચૌધરી સમાજના મતદારોની મોટી સંખ્યા છે.બન્ને ઉમેદવારો દ્વારા સમગ્ર વિસ્તારનો પ્રવાસ સંપન્ન કરી દેવામાં આવ્યો છે. યુવા મતદારો આ બેઠકમાં મહત્વના અને નિર્ણાયક બનશે તેવા ગણિત રાજકીય પંડીતો માની રહ્યા છે. બન્ને ઉમેદવારો દ્વારા ગૃપ બેઠકો, મિત્રમંડળની રાજનીતિમાં માહિર હોવાથી અહિ પરિણામ ગમે તે હશે પણ સરસાઈ નજીવી હશે તેવો મત પણ રાજકીય વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

### ● કલોલ

કલોલ બેઠક પર બળદેવજી ઠાકોર અને ડૉ. અતુલ પટેલ બન્ને પક્ષોએ રિપીટ કરેલા સ્પર્ધકો છે. ૨૦૧૨માં ૩૫૦ની નજીવી સરસાઈથી બળદેવજી ઠાકોર વિજયી બન્યા હતા. બન્ને આગેવાનો સંગઠ્ઠનના અચ્છા





માહિર છે અને બન્ને આગેવાનો મિત્રમંડળની રાજનીતિના પણ અચ્છા ખેલાડી છે. બન્ને પક્ષોને અસંતુષ્ટો અને નોટાનો ભય અહિ સૌથી વધુ સતાવી રહ્યો હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

આ બેઠક પર અપક્ષ ઉમેદવારો કોણ-કોના મત તોડશે તેને લઈ પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો છે. અહિ પ્રાદેશિક પક્ષો, અપક્ષો જીતના સમીકરણ પર અસરકર્તા પુરવાર થશે તેવા ગણિતો ચાલી રહ્યા છે.

બન્ને ઉમેદવારોના પ્રચાર અભિયાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સભાઓ થઈ હતી. હાલ તો આ બેઠક પર કશ્મકશ જંગ ચાલી રહ્યો છે. જો કે યુવા અને મહિલા ઉમેદવારોનુ મતદાન આ બેઠક પર નિર્ણાયક બનશે તેવા ગણિતો પણ ચાલી રહ્યા છે.

### ● દહેગામ

ગાંધીનગર જિલ્લામાં નાના ગ્રામીણ વિસ્તારો અને પેટા પરામાં વહેંચાયેલા દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં ભાજપ કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જોવા મળી રહ્યો છે.





ભાજપે અહિ યુવા ઉમેદવાર બલરાજસિંહને મેદાને ઉતાર્યા છે તો કોંગ્રેસે તેમના વર્તમાન ધારાસભ્ય કામીનીબા રાઠોડને રિપીટ કર્યા છે. આ બેઠક પર ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના સૌથી મોટી વયના ઉમેદવાર પણ મેદાનમાં છે. તેઓ કયા પક્ષના કેટલા મત તેમની તરફેણમાં કરી શકશે તેને લઈ પરિણામ પર અસર થવાની સંભાવનાઓ રાજકીય વર્તુળો વ્યક્ત કરીરહ્યા છે. આ બેઠક પર કોંગ્રેસના અસંતુષ્ટો સામે પ્રદેશ કક્ષાએથી લેવાયેલા પગલાં પછી કાર્યકર્તાઓમાં સોંપો પડી ગયો છે. તો સામે પક્ષે બલરાજસિંહ પણ યુવા મતદારોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. જો કે આ બન્ને પક્ષના કાર્યકર્તાઓએ બેઠક મેળવવા અને જાળવી રાખવા માટે એડીચોટીનું જોર લગાવ્યુ છે.

# જિલ્લામાં મિત્ર મંડળની રાજનીતિનો અધ્યાય પૂરબહારમાં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પર જાહેર પ્રચાર સંપન્ન થયો છે પણ રાત્રિ બેઠકો અને ગૃપ બેઠકો તેમજ મિત્રમંડળની રાજનીતિનો નવો અધ્યાય શરૂ થયો છે. જાહેર પ્રચાર દરમ્યાન બન્ને પક્ષના સ્ટાર પ્રચારકોનો જમાવડો જિલ્લામાં થતાં જિલ્લામાં રાજકીય ઉત્તેજનાઓ મતદાન પૂર્વે જોવા મળી રહી છે.

જિલ્લાની પાંચ બેઠકો પર ચાર મુખ્ય રાષ્ટ્રીય રાજકીય પક્ષો ઉપરાંત પ્રાદેશિક પક્ષો અને અપક્ષોએ જંગમાં ઝુકાવ્યુ છે પરંતુ મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રહેશે અને આ બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોને પક્ષના અસંતુષ્ટો તેમજ નોટા ઉપરાંત અપક્ષો અને પ્રાદેશિક પક્ષો કેટલા મત બગાડશે તેનો ભય સતાવી રહ્યો છે.

જિલ્લામાં પાંચ બેઠકો પર ૪૮ ઉમેદવારો મેદાનમાં છે. સૌથી વધુ ઉમેદવારો ગાંધીનગર (ઉ) બેઠક પર છે. બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો હવે મિત્રમંડળની રાજનીતિ માટે તેમના મહારથીઓને મેદાનમાં ઉતાર્યા છે.

જાહેર પ્રચાર અભિયાન દરમ્યાન ૨૦૦થી વધુ સભાઓ અને રેલીઓ મહત્વની રહી છે.

જિલ્લાની પાંચેય બેઠકોમાં તંત્રએ પણ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત કાર્યક્રમો યોજ્યા હોવાથી ગત સામાન્ય ચૂંટણી કરતાં આ વખતે વધુ મતદાન થશે તેવા અંદાજો તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લાના રાજકીય વર્તુળોમાં જે ચર્ચા જાગી છે તેમાં બન્ને પક્ષોમાં અસંતુટો અને નોટાનો ભય વધારે જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત અપક્ષો અને પ્રાદેશિક પક્ષો જે મત સ્પર્ધામાં બગાડશે તેનો ભય પણ તેમને છે.

જિલ્લામાં ત્રણેક બેઠક પર એનસીપી, ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી તેમજ બસપાના ઉમેદવારો મુખ્ય સ્પર્ધક પક્ષોના વિજયના સમીકરણમાં બદલાવ કરશે કે કેમ તેવી શક્યતાની વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

જિલ્લામાં ૨૦૧૨ના ચૂંટણી જંગમાં ૩૩ ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી હતી અને માત્ર ને માત્ર ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોની જ ડિપોઝીટ બચી હતી એટલે એ ઈતિહાસનું આ ચૂંટણીમાં પણ પુનરાવર્તન થશે તેવી સંભાવનાઓ રાજકીય વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.


ગુજકોમાસોલ

**મેનેજીંગ ડીરેક્ટરની પોસ્ટ ઉપર ભરતી કરવા બાબત**

ગુજરાત સ્ટેટ કો-ઓ. માર્કેટીંગ ફેડરેશન લિ.માં મેનેજીંગ ડિરેક્ટરની પોસ્ટ ઉપર ભરતી કરવાની થતી હોઈ નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના જરૂરી તમામ દસ્તાવેજ તથા સંપૂર્ણ બાયોડેટા સાથે તા. ૧૫-૧૨-૨૦૧૭ને સવારે ૧૦-૩૦ કલાકે હેડઓફિસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે રૂબરૂ ઇન્ટરવ્યુમાં હાજર રહેવું.

(૧) એગ્રીકલ્ચર ગ્રેજ્યુએટ માસ્ટર ડીગ્રી સાથે.
(૨) એમ.ડી.ની પોસ્ટ સમકક્ષ અને કૃષિવિષયક કામગીરીનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ.
(૩) અપેક્ષિત પગાર ધોરણ સાથેની અરજી.

ઈ. ચીફ એક્ઝીક્યુટીવ
**ગુજરાત સ્ટેટ કો-ઓ. માર્કેટીંગ ફેડરેશન લિ.**
સહકાર ભવન, ૪૯, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ. ફોનઃ ૨૬૪૦૭૬૦૯ થી ૧૨



**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.**


પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર

**બેન્કના તમામ ગ્રાહકો તથા સભાસદો જોગ**

**● બેન્કના તમામ ગ્રાહકો તથા સભાસદોને નીચે જણાવેલ મુદ્દાઓની નોંધ લઈ તે પ્રમાણે ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે.**

૧. રીઝર્વ બેન્ક તથા રજીસ્ટ્રાર ઓફ કો-ઓપરેટીવ સોસાયટીના આદેશાનુસાર બેન્કના તમામ ચાલુ / બચત / કેશ ક્રેડીટ / ફિક્સ ડિપોઝીટ / રીકરીંગ વગેરે કોઈપણ પ્રકારના ગ્રાહકોએ તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં પોતાનું આધારકાર્ડ અસલ તથા ઝેરોક્ષ નકલ બેન્કની સંબંધિત શાખાઓમાં રજૂ કરીને તેની નોંધણી અચુક કરાવી લેવાની રહેશે.
૨. જો તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં આધાર કાર્ડની નોંધણી નહી થાય તો આદેશ મળેથી ખાતાની લેવડ-દેવડ અટકી શકે છે.
૩. જે ખાતેદારોએ આધારકાર્ડની નોંધણી તેમજ નકલ અગાઉ રજૂ કરી દીધેલ છે તેઓએ ફરીથી નોંધણી કરાવવાની રહેતી નથી.
૪. બેન્કના ચાલુ સભાસદોએ પણ ઉપર મુજબની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.
૫. તમામ સભાસદોને ડિવિડન્ડ જાહેર થયા તારીખથી ત્રણ વર્ષની અંદર રૂબરૂ આવીને ડિવિડન્ડ મેળવી લેવું જરૂરી છે. અન્યથા બેન્કના પેટા કાયદાનુસાર તે રકમ રીઝર્વ ફંડમાં તબદીલ થયા બાદ ડિવિડન્ડ મળી શકશે નહી.
૬. જે સભાસદો તેમજ પેઢીઓ પોતાનું કાર્યક્ષેત્ર છોડીને અત્રેથી કાર્યક્ષેત્રની બહાર જતા રહેલ છે. તેઓએ તેમજ જે પેઢીઓ બંધ થઈ ગયેલ છે છતાં પણ બેન્કના સભાસદ તરીકે ચાલુ રહેલ છે. તેઓએ તા. ૩૧/૩/૨૦૧૮ સુધીમાં પોતાના શેર જાતે બેન્કમાં રૂબરૂ આવીને પરત કરીને તેની રકમ પરત મેળવી લેવાની રહેશે. અન્યથા તે શેર બેન્ક જપ્ત કરી તેનો પે-ઓર્ડર જે તે સરનામે મોકલી આપશે. તથા જો સરનામું સાચુ નહી હોય તો તે શેરની રકમ રીઝર્વ ફંડમાં જમા કરવામાં આવશે. ત્યારબાદ તે રકમ પરત મળી શકશે નહી.
૭. જે સભાસદોને ડિવિડન્ડ મેળવવા માટે રૂબરૂ આવવું દર વર્ષે પોષાય તેમ ન હોયતો નજીકની શાખામાં ૦ (ઝીરો) બેલેન્સથી ખાતુ ખોલાવીને ડિવિડન્ડની રકમ તે ખાતામાં જમા કરવા માટેની લેખિત સુચના આપી શકે છે. અને તેમ કરવાથી આપોઆપ ડિવિડન્ડની રકમ દર વર્ષે ખાતામાં જમા કરવામાં આવશે.
૮. જે ગ્રાહકોએ હજુ સુધી પોતાના K.Y.C. દસ્તાવેજો રજુ કરેલ નથી તેઓએ તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં રજુ કરી દેવાના રહેશે. અન્યથા ખાતાની K.Y.C.ના અભાવે તેઓનું ખાતુ સ્થગિત થઈ શકે છે. તે જાણશો.

લી.
મેનેજીંગ ડિરેક્ટર

ઐતિહાસિક ઘટના - અમદાવાદ સાબરમતી રીવર ફ્રન્ટ પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સી-પ્લેટ દ્વારા ધરોઈ ડેમ પહોંચ્યા હતા... ધરોઈથી અંબાજી અને અંબાજીથી ધરોઈ રોડ-શૉ યોજી ગ્રામવાસીઓનું અભિવાદન ઝીલ્યું હતું.. જ્યારે પુનઃ ધરોઈથી રીવર ફ્રન્ટ પર સી-પ્લેન દ્વારા આવી પહોંચતા રીવર ફ્રન્ટની બંને બાજુ પ્રધાનમંત્રીની ઝલક નિહાળવા નગરજનો મોટી સંખ્યામાં ઉમટ્યાહતા... પ્રધાનમંત્રીએ સૌનું અભિવાદન ઝીલ્યું હતું....

# ત્રણ જિલ્લાના છ બૂથ પર ૧૪મીએ પુનઃ મતદાન

અમદાવાદ, તા.૧૨

રાજયમાં પહેલા તબકકાનુ મતદાન ૯ ડિસેમ્બરના રોજ હાથ ધરવામા આવ્યુ હતુ.આ મતદાન સમયે મોકપોલની ભૂલના કારણે છ બૂથ ઉપર ૧૪ ડિસેમ્બરના રોજ ફરીથી મતદાન કરાવવાનો ચૂંટણીપંચ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.આ અંગેની વિગત એવી છે કે, રાજયમાં પહેલા તબકકાનુ મતદાન ૯ ડિસેમ્બરના રોજ યોજવામા આવ્યુ હતુ.આ સમયે જામનગર,ગીર સોમનાથ, અને ભરૂચમા ચૂંટણીપંચના નિયમોનુસાર મોકપોલ કરવામા ન આવતા છ બૂથ ઉપર ૧૪ ડિસેમ્બરના રોજ ફરીથી મતદાન કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે.

જે અનુસાર ઉનાના બંધારડા અને ગાંગડા બૂથ ઉપર, જામજોધપુરના ધુનડા બૂથ ઉપર અને માનપુરમાં તેમજ નિઝરના ચોરવાડ -૨તથા ઉમરગામના ચાણોદ કોલોની બૂથ પર ફરીથી મતદાન કરાવવાની ચૂંટણીપંચ દ્વારા જાહેરાત કરવામા આવી છે. નિયમઅનુસાર મતદાન શરૂ થાય એના એક કલાક પહેલા મોકપોલ કરવાનુ હોય છે અને જયારે લોકોનું મતદાન શરૂ થાય એ સમયે આ ડેટા ડિલીટ કરી દેવાનો હોય છે.પરંતુ આ છ બૂથમાંથી કેટલીક જગ્યાએ મોકપોલ થયુ નથી તેમજ કેટલીક જગ્યાએ મોકપોલ કલિયર નથી.આ તમામ છ બૂથ ઉપર બીજા તબકકાની સાથે ફરી મતદાન કરાવવામા આવશે. રહેશે.


**વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ, ૨૦૧૭**

ભારતની ચૂંટણી પંચ તરફથી વિધાનસભાની ચૂંટણીઓ માટે જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર બીજા તબક્કામાં ૧૪ જીલ્લાની ૯૩ બેઠકો માટે તા. ૧૪/૧૨/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારના ૮.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી મતદાન યોજાનાર છે. મતદાન મથકે મતદાન માટે અવનાર મતદારે પોતાની ઓળખ માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ (EPIC) રજૂ કરવાનું રહેશે. તે પ્રમાણે ચૂંટણી પંચે નિર્દેશ કરેલ છે. **જો કોઈ મતદાર તેનું મતદાર ફોટો ઓળખકાર્ડ** (EPIC) રજુ કરી શકે નહિ અથવા તેમાં દર્શાવવામાં આવેલ ફોટો મતદાર સાથે મળતો ન આવે તો તેની અવેજીમાં મતદાન અર્થે મતદાન મથકે મતદાર પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી શકે તે માટે નીચે દર્શાવેલ દસ્તાવેજી પુરાવાઓ ભારતના ચૂંટણી પંચે માન્ય રાખેલ છે.

૧. પાસપોર્ટ
૨. ડ્રાઈવીંગ લાયસન્સ
૩. રાજ્ય સરકાર /કેન્દ્ર સરકારના જાહેર સાહસો, પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવતા ફોટા સાથેના ઓળખકાર્ડ
૪. બેન્કો અને પોસ્ટ ઓફીસો તરફથી આપવામાં આવતી ફોટો સાથેની પાસબુક.
૫. ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ
૬. નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (NPR) સ્કીમ હેઠળ RGI દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ
૭. MNREGA જોબ કાર્ડ,
૮. શ્રમ મંત્રાલય તરફથી આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમના સ્માર્ટ કાર્ડ.
૯. ફોટા સાથેના પેન્શન દસ્તાવેજ
૧૦. ચૂંટણી તંત્ર તરફથી આપવામાં આવેલ અધિકૃત ફોટો વૉટર સ્લીપ.
૧૧. સંસદસભ્યો / વિધાનસભ્યો / વિધાન પરિસદના સભ્યોને આપવામાં આવેલ અધિકૃત ઓળખપત્રો.
૧૨. આધાર કાર્ડ

આથી બીજા તબક્કા માટે તા. ૧૪/૧૨/૨૦૧૭ના રોજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં મતદાન મથકે જે મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) રજૂ કરી શકે તેમ ન હોય તો તે મતદાન ઉપર જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ પૈકીનો કોઈપણ એક પુરાવો કે જેનાથી મતદારની ઓળખ નક્કી થઈ શકે તે રજૂ કરી મતદાન કરી શકશે.

મતદાર યાદીમાં નોંધાયેલ (Overseas Electors) ભારતીય વિદેશી નાગરિકોએ મતદાન મથક ઉપર પોતાની ઓળખ માટે ફક્ત તેમનો અસલ પાસપોર્ટ રજૂ કરવાનો રહેશે.

બી. બી. સ્વૈન
મુખ્ય ચૂંટણી અધિકારી
ગુજરાત રાજ્ય

માહિતી/૨૨૨૬/૧૭-૧૮



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com